**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# શહેરમાં મધુર દ્વારા દરરોજ ૫ ટન શાકભાજીનું વેચાણ

ગાંધીનગર, તા.૫

મધુર ડેરીના દૂધ સહિતના ડેરી ઉત્પાદનોથી ગાંધીનગરાઓ પરિચિત છે જ. હવે મધુર ડેરીની શાકભાજીના ગ્રાહકો શહેરમાં વધી રહ્યાં છે. ખૂબ જ વ્યવસ્થિત રીતે પેક કરેલી આ શાકભાજી બજારભાવથી સસ્તા ભાવે ઘર આંગણે મળી રહેતી હોવાથી શહેરીજનોની તે પહેલી પસંદગી બની રહી છે. લૉકડાઉનના સમયમાં મધુર ડેરી દ્વારા દરરોજ ૫ ટન શાકભાજીનું વેચાણ કરવામાં આવે છે. લૉકડાઉનના સમયમાં લોકો ઘરની બહાર નીકળતા ડરે છે તેવા સમયે મધુરડેરીની શાકભાજી વસાહતીઓની પ્રથમ પસંદગી બની રહી છે.

લોકડાઉન સ્થિતિમાં અંદાજે ૪૦૦૦ થી ૫૦૦૦ કિલો શાકભાજી દૈનિક પેક થાય છે. શાકભાજીમાં ભીંડા, રવૈયા, દૂધી, ટામેટા, ચોળી, સુરતી રવૈયા, ફુલાવર, કોબીજ, ખીરા-કાંકડી, ભટ્ટા, વાલોર ખેડૂતો પાસેથી ખરીદી કરીએ છીએ. બટેટા, ડુંગળી, મેથી, ધાણાભાજી, પાલક, ફુદીનો, ગાજર, શક્કરિયા, વટાણા, ગુવાર, લાંબા રીંગણ, આદુ, લીંબુ, મરચાં દેશી, મરચાં વઢવાણી, કેપ્સિકમ, લીલા ચણા, ગિલોડી, લિલી ડુંગળી, લીલું લસણ,આમળા, કરેલા, ગલકા વગેરેને સાફ સફાઇ કરીને પેક કરવામાં આવે છે. દશેલા ખાતે મધુર શાકભાજી પ્રોસેસીંગ સેન્ટર ઉપર પેકીંગ દરમ્યાન આદુ, ગિલોડી પાણીથી ધોવામાં આવે છે. જરૂર લાગે તો બટાકા પણ ક્યારેક ધોવામાં આવે છે. ત્યારબાદ ગ્રેડિંગ ટ્રે ઉપર શાકભાજીનું ગ્રેડિંગ કરી ખરાબ શાકભાજી બહાર કાઢી એનો નાશ કરવામાં આવે છે અને સારા શાકભાજીને જરૂરી પેકીંગ ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ અને ૧ કિલોના પેક બનાવવામાં આવે છે. બટાકા, રીંગણ, આદુ, શક્કરિયા, ગાજર વગેરે પ્લાસ્ટિક નેટમાં પેક થાય છે, ધાણાભાજી, પાલક, ફુદીનો, લિલી ડુંગળી, લીલું લસણ, મેથી વગેરેની નાની પુડીઓ બનાવવામાં આવે છે અને બાકીની શાકભાજી યોગ્ય માત્રા વાળા માઈક્રોન પ્લાસ્ટિકની અલગ અલગ સાઈઝની કોથળીઓમાં પેક કરી સીલ કરી તેની ઉપર ફસાઈ લાઈસન્સ નમ્બર, યુઝ બીફોર તારીખ અને ભાવ સાથે શાકભાજીના નામ વાળા સ્ટીકર લગાડવામાં આવે છે ત્યારબાદ મધુર પાર્લર ઉપર વેચાણ માટે મોકલવામાં આવે છે.

પ્રોજેક્ટની શરૂઆતમાં મધુર શાકભાજીનું વેચાણ મધુર પાર્લર ઉપરથી કરવામાં આવતુ હતુ પણ ગ્રાહકોની માંગ અને તાજેતરની પરિસ્થિતિ જોતા હાલમાં મધુર પાર્લર સિવાય પણ જરૂરિયાત વાળા વિસ્તારમાં શાકભાજી પહોંચાડવામાં આવે છે. લોકડાઉનના કાયદાને ધ્યાનમાં રાખી હાલ મધુર શાકભાજી મધુર ડેરીના મેઈન ગેટ, ઘ-૫, સેક્ટર-૩, ૪, ૬, ૧૯, ૨૦, ૨૬, ૨૩, જી.ઇ.બી-પેથાપુર, આઇ.આઇ.ટી-પાલજ, અમુલ ફેડ ડેરી-ભાટ, સરગાસણ, સ્વામીનારાયણધામ-રાયસણ, ભાઈજીપુરા, કુડાસણ, સોનીપુર ખાતે શાકભાજી વેચાણ કેંદ્રો ચાલુ કર્યા છે. દશથી વધુ સભ્યોની માર્કેટીંગ ટીમ દ્વારા શાકભાજીનુ વેચાણ થઈ રહ્યુ છે. કોરોનાના કહેર વચ્ચે અમારી ટીમની સુરક્ષા માટે દરેકને માસ્ક, હાથમોજા, સેનીટાઈઝર આપવામાં આવે છે. સાથે સાથે પાર્લર ઉપર ગ્રાહકોની ભીડ ના થાય અને એક એક મીટરનુ અંતર જળવાય તે ખાસ તકેદારી રાખવામાં આવે છે. એટલુ જ નહિ પણ આવનાર ગ્રાહકોને કોરોનાથી બચવા અને સંક્રમણ અટકાવવાના ઉપાયોની જાણકારી પણ આપવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રીના બાગાયત વિભાગની આર.કે.વી.આઇ યોજના પુરસ્કૃત શાકભાજીના પાયલેટ પ્રોજેક્ટ આજે કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ગાંધીનગર જનતા માટે અશિર્વાદરૂપ બન્યો છે. લોકડાઉન અધિનિયમનની આવશ્યક સેવામાં દૂધ અને શાકભાજીની સેવાઓ ચાલુ રાખવી તેવી જોગવાઈ મુજબ મધુરની ટીમ સતત પરિશ્રમ કરીને, જોખમ ઉઠાવીને દરરોજ તાજા શાકભાજી અને દૂધ મળી રહે તે માટે કાર્યરત છે. સ્થાનિક પોલીસ તંત્ર, જિલ્લા રજિસ્ટ્રાર, સરકારી અધીકારીશ્રીઓ તરફથી ખુબ જ હકારાત્મક પ્રતિભાવ મળ્યા છે. અમને ફોન કરીને અલગ અલગ સોસાયટીઓમાં શાકભાજી પહોંચાડવા માટે ભલામણો મળે છે.

તાજેતરની કોરોના કટોકટીમા સાવચેતી તરીકે દરરોજ ગ્રેડિંગ રૂમને દિવસમાં બે વખત ફીનાઈલથી સફાઈ કરવામા આવે છે. તમામ મજુરો હેન્ડ ગ્લોવ્ઝ, માસ્ક પહેરીને જ કામ કરે છે. તમામ મજુરો સેનિટાઈઝર અને સાબુથી હાથ ધોવાનુ નિયમિત પાલન કરે છે.



**લૉકડાઉનના સમયગાળામાં મધુર ડેરી દ્વારા સસ્તી અને શ્રેષ્ઠ ગુણવત્તાની શાકભાજીનું શહેરમાં સીધું વેચાણ**

### મધુર શાકભાજીના વેચાણ કેન્દ્રો

● જીઈબી પેથાપુર ● મધુર ડેરી મેઈન ગેટ ● સેક્ટર-૨૬ ● આઈઆઈટી પાલજ ● સરગાસણ ટી.પી. સ્કીમ ● રાયસણ ● કુડાસણ પાર્લર ● સેક્ટર-૧૯, ૨૦, ૩, ૩ ન્યુ, ૪, ૫, ૬, ૭, ૮ (ગાંધીનગર સમાચાર ઓફીસ) ● ઘ-૫ પાર્લર ● સે-૨૮ પાર્લર ● કૃષિભવન



### મધુરની મધુર સેવા



**કોરોનાની કપરી સ્થિતિમાં મધુર ડેરીના કર્મચારીઓએ એક પણ રજા પરિવાર સાથે ભોગવ્યા વિના ગાંધીનગરના નગરજનોને પુરતા પ્રમાણમાં દૂધ અને શાકભાજી પુરું પાડવાનું અભિયાન આદર્યું છે. મધુર ડેરીના ચેરમેન તરીકે આવા સમયે ડેરીમાં સતત હાજરી આપી ટીમની હિંમત વધારવા પ્રયત્ન કરવાની મારી ફરજ છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની આ સહકારી સંસ્થા આજે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને સરકારીશ્રીનું મજબુત પાસુ બનીને સહયોગ આપી રહી છે. એક તરફ ગામોમાં દૂધ ભરાવતા પશુપાલકો અને પશુઓની ચિંતા અને બીજી બાજુ ગાંધીનગરના રહીશોની માંગ મુજબ શાકભાજી અને દૂધ સમયસર પુરું પાડવાની કામગીરીમાં મધુર પરિવારને સ્થાનિક પોલિસવડા, સરકારી તંત્રનો પુરતો સહયોગ મળી રહ્યો છે.**

**- ડો. શંકરસિંહ રાણા, ચેરમેન, મધુર ડેરી**

# અવાવરૂ કૂવામાં ફસાયેલા રાષ્ટ્રીય પક્ષી મોર માટે યુવાનનું સાહસિક બચાવકાર્ય

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાનાં સરઢવ ગામે રાષ્ટ્રીય પક્ષી મોર એક જૂના અવાવરૂ અને ઊંડા કૂવામાં ફસાઈ જવા પામ્યો હતો. આ રાષ્ટ્રીય પક્ષી મોરના રેસ્ક્યુ માટે વનશ્રી ટ્રસ્ટ તથા સિવિલ ડિફેન્સ સાથે સંકળાયેલા વિકાસ રાજગોરે અવાવરૂ કૂવામાં ઉતરીને આ સાહસપૂર્ણ કાર્યને પાર પાડ્યું હતું અને મોરને સહીસલામત રીતે બહાર કાઢ્યો હતો.

સરઢવ ગામમાં એક આશરે સો વર્ષથી વધુ જુના અને ઊંડા અવાવરૂ કૂવામાં રાષ્ટ્રીય પક્ષી મોર લગભગ ૭૦ ફુટ જેટલો નીચે સુધી ઉતરી જવા પામ્યો હતો પરંતુ તે પછી આ મોર માટે કૂવાની બહાર નિકળવાનું મુશ્કેલ બન્યું હતું.

આ બાબતની ગામના બ્રિજ પટેલ નામના રહીશને જાણ થતાં તેમણે ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટના વાઈલ્ડ લાઈફ વોર્ડન અંજનાબેન નિમાવતનો સંપર્ક સાધ્યો હતો જેમણે વન વિભાગને જાણ કરવા સાથે સંસ્થાના યુવા સ્વયંસેવક જેઓ હાલ લોકડાઉનમાં સિવિલ ડિફેન્સમાં પોલીસને મદદરૂપ થવાની કામગીરી બજાવી રહ્યાં હતા તે વિકાસ રાજગોરને આ રેસ્ક્યૂ માટે સ્થળ પર પહોંચવા જણાવ્યું હતું. વન વિભાગના અધિકારી ડામોર સહિત ટીમ સાથે વિકાસ રાજગોર સરઢવ પહોંચ્યા હતા જ્યાં આ મોરને બચાવી લેવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મોરને ઊંડા કૂવામાંથી બહાર લાવવા માટે એક ખાટલાને ઊંધો કરી રસ્સી સાથે બાંધી કૂવામાં ઉતારવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં વનશ્રી ટ્રસ્ટના ઈન્સિડન્ટ ઓફિસર મહાવીર નિમાવતે ફોન પર આપેલી સલાહ મુજબ વિકાસ રાજગોર કૂવામાં અંદર ઉતર્યા હતા અને મોરને સહીસલામત રીતે બહાર લાવવામાં સફળતા મેળવી હતી. સમગ્ર ઓપરેશનમાં વિકાસ રાજગોરની હિંમત અને સાહસ દાદ માગી લે તેવા હતા. આ રેસ્ક્યુ ઓપરેશનમાં વનવિભાગના કેતન બારોટ અને દશરથભાઈ ઉપરાંત સ્ટાર ગામના નાગરિકોએ પણ સહકાર આપ્યો હતો. મોરને કૂવાની બહાર લાવ્યા પછી તે તદ્દન સ્વસ્થ જણાતાં તેને સલામત રીતે ખુલ્લા આકાશમાં છોડી દેવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પક્ષી મોરને બચાવી લેવાના આ સાહસપૂર્ણ કાર્યમાં વિકાસ રાજગોરની હિંમત નહીં તથા વન વિભાગની ટીમની કામગીરીને અંજના નિમાવતે અભિનંદન આપી બિરદાવી હતી.





**વનશ્રી ટ્રસ્ટ તથા સિવિલ ડિફેન્સ સાથે સંકળાયેલા વિકાસ રાજગોરે અવાવરૂ કૂવામાં ઉતરીને આ સાહસપૂર્ણ કાર્યને પાર પાડ્યું**

### ચિરવિદાય

- સ્વ. મણીબોન ચતુરજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. જગદીશચંદ્ર મણીલાલ જોષી, ઉ.વ. ૭૪
- સ્વ. જીતુબોન કેશાભાઈ વાઘેલા, ઉ.વ. ૬૭


# લૉકડાઉનમાં મળેલા ફાજલ સમયમાં બાપ-દિકરીની જોડીએ પેન્સિલ ડ્રોઈંગ કળા નિખારી

## ગાંધીનગરના સેક્ટર-૩સીમાં રહેતા પરેશ સોનીએ ૨૦ વર્ષે ફરી પેન્સિલ પકડીને ડ્રોઈંગ કર્યું : બાપની કળા દિકરી ખુશીને વારસામાં મળી









ગાંધીનગર, તા.૫

કોરોના વાયરસ સંક્રમણને પગલે શહેરમાં લાગુ પાડવામાં આવેલા લોકડાઉનને કારણે અનેક નાગરિકો પોતાના જ ઘરમાં રહીને કંટાળી ગયા હોવાનો અહેસાસ વ્યક્ત કરી રહ્યા છે જ્યારે બીજી તરફ ગાંધીનગરના સેક્ટર-૩સી ખાતે પિતા પુત્રીની એક જોડી એવી પણ છે જેમણે લોકડાઉનમાં સમયનો ઉપયોગ પોતાની પેન્સિલ ડ્રોઈંગ ચિત્રકલાને ઉજાગર કરવા માટે કર્યો છે. આ બાપ દીકરીએ મળી લોકડાઉન સમય દરમિયાન અસંખ્ય સુંદર અને અદભૂત ચિત્રોનું નિર્માણ કર્યું છે. આ સાથે તેમણે સરકાર, પોલીસ અને વહીવટીતંત્રની વારંવાર વિનવણી છંતા નજીવા કારણોસર કે કારણ વગર જ લોકડાઉનનો ભંગ કરતાં નાગરિકો માટે પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

ગાંધીનગરના સેક્ટર ત્રણ સી ખાતે રહેતાં પરેશભાઈ સોની આમ તો વ્યવસાયે ગ-૨ સર્કલ નજીક સમોર જવેલર્સ નામની દુકાન ચલાવે છે પરંતુ પરેશભાઈને નાનપણથી ચિત્રકળાનો શોખ હતો. વર્ષો પહેલાંનો તેમનો આ શોખ ધંધા-વ્યવસાયમાં વ્યસ્ત થઈ જવાથી સમયના અભાવે છુટી ગયો હતો. જો કે તેમની દિકરી ખુશીને પોતાના પિતાનો આ શોખ વારસામાં પ્રાપ્ત થયો હતો અને તે પણ પેન્સિલ આર્ટના માધ્યમથી ઉત્કૃષ્ઠ ચિત્રોનું સર્જન કરતી હતી. ખુશીને પણ ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસને કારણે પોતાના શોખને કોરાણે મુકવાની ફરજ પડી હતી. હવે કોરોના મહામારીને કારણે શહેરમાં લોકડાઉન લાગું પડી જતાં ખુશીની શાળા અને પરેશભાઈની દુકાન બંને હાલ બંધ હોવાથી મળેલા ફાજલ સમયમાં બાપ-દિકરીએ પોતાની આ કળાને ફરી ઉજાગર કરી છે. પરેશભાઈએ તો આશરે ૨૦ વર્ષ પછી પેન્સિલ હાથમાં પકડી છે પરંતુ તેઓ એક એકથી ચડિયાતા ચિત્રો દોરવા લાગ્યાં છે. ઉલ્લેખનીય છે કે પિતા-પુત્રીએ ચિત્રકળા માટે કોઈ પદ્ધતિસરની તાલીમ મેળવી નથી. ખુશી તો આ સાથે ભરતનાટ્યમ પણ શિખી રહી છે અને ઝડપથી તેનું આરંગેત્રમ પણ યોજાવાનું છે. ખુશીનો મોટો ભાઈ કરણ વર્ચ્યુઅલ ગ્રાફિક્સ શીખેલો છે અને તે કોમ્પ્યુટર પર ડિજિટલ પેઈન્ટિંગ્સ બનાવે છે. પરેશભાઈ સોની અને તેમની દિકરી ખુશી સોનીની આ જોડીએ લોકડાઉનના સમયમાં પોઝિટિવ વિચારસરણી સાથે પોતાની ક્રિએટિવિટીને ખિલવી અન્યો માટે એક અનુકરણીય દાખલો બેસાડ્યો છે.